આજથી વર્ષના અંતિમ ગ્રાન્ડ સ્લેમ યુએસ ઓપન 2026નો પ્રારંભ

સિનર બહાર, અલ્કારાઝ-સબાલેન્કા સામે પડકારો: સાચા અર્થમાં ટુનમિન્ટ ઓપન

ટોચના ખેલાડીઓની ઇજાઓ અને ફોર્મની સમસ્યાઓ વચ્ચે અન્ય ખેલાડીઓ માટે ટાઈટલ જીતવાની તક

39 વર્ષીય જોકોવિચ, ઝવેરેવ, ટિયાફો અને મેદવેદેવ પર રહેશે તમામની નજર

ન્યૂયોર્ક, તા. 29 (એપી): વર્ષની છેલ્લી ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ યુએસ ઓપન 30 ઓગસ્ટ, રવિવારથી શરૂ થઈ રહી છે. યાનિક સિનરની ગેરહાજરી, કાર્લોસ અલ્કારાઝનું પુનરાગમન અને એરીના સબાલેન્કાના કથળેલા ફોર્મને કારણે આ વર્ષની યુએસ ઓપન ફરી એકવાર સંપૂર્ણપણે ખુલ્લી (ઓપન) અને રોમાંચક બની ગઈ છે.

આ વખતે નંબર 1 રેન્ક ધરાવતો સિનર ઘૂંટણની ઈજાના કારણે બહાર છે. જ્યારે પોતાના સાત ગ્રાન્ડ સ્લેમ ટાઈટલમાંથી બે ટાઈટલ અહીં જીતનાર ડિફેન્ડિંગ ચેમ્પિયન અલ્કારાઝ જમણા હાથના કાંડાની ઈજાને કારણે ચાર મહિના બાદ પુનરાગમન કરી રહ્યો છે. બીજી તરફ, 24 વખતના ગ્રાન્ડ સ્લેમ વિજેતા 39 વર્ષીય નોવાક જોકોવિચ વધતી ઉંમર અને ગરમીમાં સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓથી ઝૂઝી રહ્યો છે.

આ સ્થિતિએ અન્ય ખેલાડીઓ માટે તકોના દ્વાર ખોલી નાખ્યા છે. એલેક્ઝાન્ડર ઝવેરેવે પ્રથમ ફ્રેન્ચ ઓપન જીતીને અહીં નંબર 1 સીડ મેળવ્યો છે, જ્યારે આર્થર ફિલ્સે તાજેતરમાં સિનસિનાટી ઓપન જીતીને પોતાની દાવેદારી મજબૂત કરી છે. મહિલા વર્ગમાં પણ સ્થિતિ રસપ્રદ છે. બે વખતની ડિફેન્ડિંગ ચેમ્પિયન અને વર્લ્ડ નંબર 1 એરીના સબાલેન્કા વિમ્બલડન અને ત્યારબાદની હાર્ડ-કોર્ટ ટૂર્નામેન્ટમાં ચોથા રાઉન્ડમાં હારી જતાં તેનું ટોચનું સ્થાન જોખમમાં છે. ઈલેના રીબાકીના, જેસિકા પેગુલા અને કોકો ગફ તેની પાસેથી નંબર 1નો તાજ છીનવવા અને ટ્રોફી જીતવા માટે આતુર છે.

વરસાદી વિઘ્ન વચ્ચે ઇંગ્લેન્ડની લીડ 342 રન

લંડન, તા. 29 (એપી): લોર્ડ્સ ખાતે વરસાદથી પ્રભાવિત બીજી ટેસ્ટના ત્રીજા દિવસે ટી-ટાઇમ સુધી ઇંગ્લેન્ડે બીજી ઇનિંગ્સમાં 6 વિકેટે 162 રન બનાવીને પાકિસ્તાન સામે 342 રનની મજબૂત લીડ મેળવી લીધી છે. વરસાદના કારણે શનિવારે સવારના સત્રમાં એક પણ બોલ રમાઈ શક્યો ન હતો. બપોરે રમત શરૂ થઈ ત્યારે ઇંગ્લેન્ડે 3 વિકેટે 81 રનથી આગળ રમવાનું શરૂ કર્યું હતું. ટી-ટાઇમ સુધીમાં મોહમ્મદ અબ્બાસની (3-48) શાનદાર બોલિંગ સામે ઇંગ્લેન્ડે વધુ 3 વિકેટ ગુમાવી હતી. અબ્બાસે એમિલિયો ગેટ (31), હેરી બ્રુક (34) અને જેમી સ્મિથ (7)ને આઉટ કર્યા હતા. હાલમાં ડેન લોરેન્સ (37*) અને ગસ એટકિન્સન (7*) ક્રીઝ પર મોજૂદ છે.

શનિવારે માત્ર 23 ઓવરની રમત શક્ય બની હતી. ઇંગ્લેન્ડે પ્રથમ ઇનિંગ્સમાં 290 રન બનાવ્યા હતા, જેના જવાબમાં પાકિસ્તાન 110 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું.

શ્રીલંકાની છેલ્લી 4 વિકેટ ન ઝડપી શકાતાં ભારતીય બોલરોની નબળાઈ છતી થઈ

કુલદીપ-બુમરાહની ખોટ સાલી; પીચ પર બોલિંગમાં વેરાયટીનો અભાવ અને નો-બોલની ભૂલો નડી, ટેસ્ટમાં નો-બોલ રોકવા બોલરો અને કોચ પર દંડ ફટકારી શકાય

કોલંબો ટેસ્ટ મેચના પાંચમા અને આખરી દિવસે શ્રીલંકાની છેલ્લી 4 વિકેટ ઝડપવામાં ભારતીય બોલરોની અસમર્થતાને કારણે WTC (વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ) ની ફાઇનલમાં ક્વોલિફાય કરવાનું ભારતનું કામ વધુ મુશ્કેલ બની ગયું છે. ચોક્કસ, આ સાયકલ પૂરી થાય ત્યાં સુધી રમાનારી બાકીની 7 ટેસ્ટ મેચો જીતીને તેઓ હજુ પણ ફાઇનલમાં પહોંચી શકે છે. પરંતુ જ્યાં બોલ ટર્ન થઈ રહ્યો હતો તેવી પીચ પર પણ જો તેઓ નીચલા ક્રમના બેટ્સમેનોને આઉટ ન કરી શક્યા, તો તે ભારતીય ક્રિકેટ ચાહકોને ચોક્કસપણે થોડા ચિંતાતુર બનાવે છે.

મેં જેટલું જોયું તે પરથી બોલિંગમાં એક્સરખાપણું લાગતું હતું. ડાબોડી બોલરો સચોટ અને હવામાં ઝડપી હતા અને પદાર્પણ કરનાર ઓફ-સ્પિનર પ્રામાણિક પ્રયાસ કરનાર લાગતો હતો, પણ આ સ્તરના બેટ્સમેનોને મુશ્કેલીમાં મૂકી શકે તેવી વિવિધતા (વેરાયટી) તેની પાસે ઓછી હતી. હા, ડેબ્યૂ કરી રહ્યો હોવાથી તે થોડો નર્વસ હોઈ શકે છે, છતાં હવામાં બોલને ભ્રમિત કરવાની ક્ષમતાનો અભાવ હતો અને મદદ માટે પીચ પર વધુ પડતો આધાર રાખવામાં આવ્યો હતો. જેમ જેમ મેચ આગળ વધી તેમ પીચ ધીમી પડતી ગઈ, જેના કારણે ફાસ્ટ બોલરો માટે બોલને બેટ્સમેનોના ખાંધ સુધી ઉછાળવો મુશ્કેલ બની રહ્યો હતો. અહીં કદાચ ગુરનૂર બ્રારની વધારાની સ્પીડ અને ઊંચાઈ ઉપયોગી થઈ શકી હોત. પરંતુ અલબત્ત, ઘટના બની ગયા પછી આવી સલાહ આપવી સરળ હોય છે.

કુલદીપ યાદવની ગેરહાજરી પણ નડી, કારણ કે એક સારો રિસ્ટ સ્પિનર મોટાભાગે નીચલા ક્રમના બેટ્સમેનોને ઝટપટ આઉટ કરી શકે છે. જ્યારે સામે પક્ષે બેટ્સમેનો સેટ થઈ ગયા હોય ત્યારે સારો યોર્કર ફેંકી શકતો ફાસ્ટ બોલર ટીમમાં હોવો બહુ જરૂરી છે. તેથી બુમરાહની ખોટ ભારે પડી, ખાસ કરીને જ્યારે બીજી ટેસ્ટના આખરી દિવસે બેટ્સમેનોએ ભારતની જીતની આશાઓ પર પાણી ફેરવી દીધું.

લેઈટ કટ

- સુનિલ ગવાસ્કર

આ બધું હોવા છતાં, સોનલ દિનુશા ભવિષ્ય માટે શ્રીલંકાનો એક બહેતરીન ખેલાડી દેખાય છે. હા, બીજી સીઝનમાં જ્યારે બોલરો તેની બેટિંગના વીડીયો વિગતવાર જોશે અને તેની મજબૂતી તથા નબળાઈઓને વધુ સારી રીતે સમજી જશે, ત્યારે જ ખબર પડશે કે તે ખરેખર કેટલો મહાન ખેલાડી છે. આપણે કામિન્દુ મેન્ડિસ અને તે પહેલા માઇક હસીના કિસ્સામાં જોયું છે કે એકવાર વિશ્વ તમારી બેટિંગ વિશે વધુ જાણી જાય પછી સતત રન બનાવવાનું ચાલુ રાખવું કેટલું મુશ્કેલ હોય છે. હવે તેનો સ્વભાવ (માનસિક મજબૂતી) અને થોડું નસીબ નક્કી કરશે કે તે કેટલે દૂર સુધી પહોંચે છે.

ભારતીય બોલરો દ્વારા ફેંકવામાં આવેલા નો-બોલ અંગે પણ સારી એવી ચર્ચા થઈ હતી. આ બાબત પર તુરંત ધ્યાન આપવું જરૂરી છે કારણ કે તે મેચનું પાસું પલટી શકે છે. રમતના બહુ ઓછા પાસાઓ એવા છે જે સંપૂર્ણપણે ખેલાડીઓના નિયંત્રણમાં હોય છે, જેમાં બેટ્સમેનનું ગાર્ડ લેવું અને બોલરે નો-બોલ ન ફેંકવો એ બે બાબતોનો સમાવેશ થાય છે. ખેલાડીઓ જ્યારે ઇન્ટરવ્યુ માટે આવે છે ત્યારે પોતાના નિયંત્રણમાં હોય તેવી વસ્તુઓ કરવાની વાતો કરે છે. આજે જ્યારે રન-અપ માપવા માટે ટેપ મેઝર ઉપલબ્ધ છે ત્યારે બોલિંગ ક્રિઝથી આગળ પગ નીકળી જવા (ઓવરસ્ટેપિંગ) માટે કોઈ બહાનું હોઈ શકે નહીં.

ભારતીય ટીમના સ્પિનિંગ કોચે મજાકમાં કહ્યું હતું કે નો-બોલ પછી ફ્રી હિટ આપવાથી આ ભૂલ રોકવામાં મદદ મળી શકે છે. મહેરબાની કરીને, આ પેનલ્ટી આપીને ટેસ્ટ ક્રિકેટમાં બેટ્સમેનો માટે રન બનાવવા વધુ સરળ ન બનાવો. અગાઉથી જ, ઓવરમાં માત્ર 2 બાઉન્સરની મર્યાદા અને બાઉન્ડ્રી નાની કરવાને કારણે રન બનાવવાનું થોડું સરળ બની ગયું છે.

તેના બદલે, એક દંડ ફટકારવામાં આવે તો કેવું રહે? જે દરેક આગામી ભૂલ પર બમણો થતો જાય અને દંડની અડધી રકમ બોલિંગ કોચ પાસેથી પણ વસૂલવામાં આવે. એકત્ર થયેલો આ દંડ ખેલાડીઓ છૂટા પડે તે પહેલાં ટીમના અંતિમ ડિનર માટે વાપરી શકાય. અન્ય બાબતો માટે પણ દંડ રાખી શકાય, ઉદાહરણ તરીકે, થ્રો વખતે બેક-અપ ન કરવું અથવા મેદાન પર અન્ય કોઈ ભૂલ કરવી, જેના પર દંડ લગાવવો કે નહીં તે અંગે આખી ટીમ વોટિંગ કરી શકે. આ એક મનોરંજક પ્રવૃત્તિ બની શકે છે અને તેનાથી ટીમ વધુ મજબૂત બનશે.

વિદેશી પ્રવાસ માટેની આવી પ્રવૃત્તિઓ વિશે અન્ય કોલમમાં વધુ વાત કરીશું, પરંતુ હાલ માટે સિરીઝ જીતવા બદલ ભારતીય ટીમને અભિનંદન અને ક્લીન સ્વીપ (વ્હાઇટવોશ) રોકીને મજબૂત લડત આપવા બદલ શ્રીલંકન ટીમને સલામ.

ભારતીય ટીમના ફિટનેસ ટેસ્ટ: પંત, જાડેજા અને જયસ્વાલે બેંગલુરુમાં પાડ્યો પરસેવો

શ્રીલંકા પ્રવાસ પૂરો થતાં જ કેટલાંક ભારતીય ક્રિકેટરો બેંગલુરુ પહોંચ્યા

બેંગલુરુ, તા. 29 (પીટીઆઈ): શ્રીલંકા સામેની બે ટેસ્ટ મેચની શ્રેણી પૂરી થયાના 48 કલાકથી પણ ઓછા સમયમાં ભારતના કેન્દ્રીય કરારબદ્ધ ટોચના ક્રિકેટરો શનિવારે બેંગલુરુ સ્થિત સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે ફિટનેસ ટેસ્ટ માટે પહોંચી ગયા હતા.

સતત ત્રણ દિવસ સુધી મેદાન પર રમત રમ્યા બાદ, સપ્ટેમ્બરથી શરૂ થતી વ્યસ્ત હોમ સીઝન પહેલાં સિનિયર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા, વિકેટકીપર-બેટ્સમેન ઋષભ પંત, ઓપનર યશસ્વી જયસ્વાલ, T20 કેપ્ટન શ્રેયસ અય્યર, રિંકુ સિંહ, સંજુ સેમસન અને ઋતુરાજ ગાયકવાડ જેવા ખેલાડીઓએ ફિટનેસ પેરામીટર્સ માટે સખત પરસેવો પાડ્યો હતો.

આ ફરજિયાત ફિટનેસ ટેસ્ટમાં યો-યો ટેસ્ટ, 2 કી.મી.ની દોડ, બ્રોન્કો ટેસ્ટ અને રનિંગ બિટવીન ધ વિકેટ્સ જેવી ક્રિકેટ ડ્રીલ્સનો સમાવેશ થાય છે.

જસપ્રીત બુમરાહ, હાર્દિક પંડ્યા અને નીતિશ કુમાર રેડ્ડી હાલ રિહેબિલિટેશન હેઠળ હોવાથી તેઓ સંપૂર્ણ ફિટ જાહેર થયા બાદ ટેસ્ટ આપશે, જ્યારે શ્રીલંકા ટેસ્ટમાં સતત બોલિંગ કરનાર મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણને હાલ પૂરતી મુક્તિ અપાઈ છે.

નીરજ ચોપરા ઈજાના કારણે એશિયન ગેમ્સમાંથી બહાર

ટ્રેનિંગ દરમિયાન પગની ઘૂંટીમાં થઈ ગંભીર ઇજા ક્વોલિફાય થયા હોવા છતાં 5 સપ્ટેમ્બરે ડાયમંડ લીગ ફાઇનલ્સ પણ ગુમાવશે

નવી દિલ્હી, તા. 29 (પીટીઆઈ): એશિયન ગેમ્સમાં ભારતીય એથ્લેટીક્સ અભિયાનને મોટો આંચકો લાગ્યો છે. ઓલ્મિપિક્સ ચેમ્પિયન નીરજ ચોપરાએ શનિવારે જાહેરાત કરી હતી કે તે જાપાનમાં થનારા એશિયન ગેમ્સ સહિત 2026ની બાકી બચેલી ટુર્નામેન્ટમાં રમી શકશે નહીં કારણ કે તેને ટ્રેનિંગ દરમિયાન પગની ઘૂંટીમાં ઈજા થઈ છે.

લુસાન ડાયમંડ લીગમાં સીઝનનો શ્રેષ્ઠ થ્રો કર્યા બાદ તેઓ પોતાની જૂની લય મેળવવાની ખૂબ નજીક હતા. આનો અર્થ એ થયો કે ઈજાના કારણે તેઓ 5 સપ્ટેમ્બરે બ્રસેલ્સમાં યોજાનારી ડાયમંડ લીગ ફાઈનલ્સ પણ ગુમાવશે, જે માટે તેણે ક્વોલિફાય પણ કરી લીધું હતું.

આગામી જાપાન એશિયન ગેમ્સમાં ભારતના મેડલના સૌથી મોટા દાવેદાર એવા નીરજ ચોપરાનું બહાર થવું એ ભારત માટે ખૂબ મોટો ઝટકો છે.

મહિલા હોકી વર્લ્ડકપ: આર્જેન્ટિના શૂટ-આઉટમાં જીતી ત્રીજી વખત વિશ્વ ચેમ્પિયન

એમ્સટેલવીન, તા. 29 (પીટીઆઈ): આર્જેન્ટિનાની મહિલા હોકી ટીમે પેનલ્ટી શૂટ-આઉટમાં યજમાન નેધરલેન્ડ્સને 3-1 થી હરાવીને ત્રીજી વખત એફઆઈએચ (FIH) મહિલા હોકી વર્લ્ડ કપનું ટાઇટલ પોતાના નામે કર્યું છે. નિર્ધારિત સમય સુધી બંને ટીમો 1-1થી બરાબરી પર રહી હતી. આ વિજય સાથે આર્જેન્ટિનાએ 2022 વર્લ્ડકપ અને ટોક્યો ઓલિમ્પિક્સની ફાઇનલમાં નેધરલેન્ડ્સ સામે થયેલી હારનો બદલો પણ લઈ લીધો છે.

પેનલ્ટી શૂટ-આઉટમાં આર્જેન્ટિના તરફથી વિક્ટોરિયા ગ્રાનાટો, બ્રિસા અને સોફિયાએ સફળ ગોલ કર્યા હતા, જ્યારે સતત ચાર વખતની ચેમ્પિયન નેધરલેન્ડ્સની ટીમ માત્ર એક જ ગોલ કરી શકી હતી. ત્રીજા સ્થાન માટેની મેચમાં બેલ્જિયમે ઓસ્ટ્રેલિયાને 1-0 થી હરાવી બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

પ્રીમિયર લીગ: માન્ચેસ્ટર સિટીએ ક્રિસ્ટલ પેલેસને 4-1થી રગદોળ્યું

રયાન ચાર્કીએ 5 મિનિટમાં બે ગોલ ફટકાર્યા, હાલેન્ડે પણ બે ગોલ કર્યા

સતત બીજી જીત સાથે પોઈન્ટ ટેબલમાં 6 પોઈન્ટ મેળવી માન્ચેસ્ટર સિટી ટોચ પર



લંડન, તા. 29 (એપી): માન્ચેસ્ટર સિટીએ ક્રિસ્ટલ પેલેસને 4-1થી માત આપીને પ્રીમિયર લીગ સીઝનમાં સતત બીજી જીત સાથે પોતાનું વિજયી પ્રદર્શન બરાબર જાળવી રાખ્યું છે. સિટી તરફથી રયાન ચાર્કીએ માત્ર પાંચ મિનિટમાં બે ગોલ કર્યા હતા, જ્યારે ગત સીઝનના ટોપ સ્કોરર એર્લિંગ હાલેન્ડે પણ બે શાનદાર ગોલ ફટકારી ટીમની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

મેચની 17મી મિનિટે હાલેન્ડે સુંદર હેડર વડે સિટીનું ખાતું ખોલ્યું હતું. બીજા હાફની શરૂઆતમાં જ ચાર્કીએ પેલેસના ડિફેન્ડર્સ વચ્ચેથી કમાલનું ડ્રિબલિંગ કરીને ટીમની સરસાઈ 2-0 કરી દીધી હતી. જોકે, પેલેસના યેરેમી પિનોની સુંદર ફ્રી કિક સિટીના ગોલકીપર જિઆનલુઇગી ડોનારૂમાની પીઠ સાથે અથડાઈને નેટમાં જતાં પેલેસને એક ગોલ મળ્યો હતો.

સતત બીજી મેચ જીતીને માન્ચેસ્ટર સિટી 6 પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગયું છે. બીજી તરફ, સતત બે મેચમાં હાર બાદ ક્રિસ્ટલ પેલેસ હજુ સુધી એક પણ પોઈન્ટ મેળવી શક્યું નથી.

દુલીપ ટ્રોફી સેમિફાઈનલ: સેન્ટ્રલ વિ. ઈસ્ટ અને સાઉથ વિ. નોર્થ ઝોન

બેંગ્લુરૂ, તા. 29 (પીટીઆઈ): દુલીપ ટ્રોફીની સેમિફાઈનલ રવિવારથી બેંગલુરુ ખાતે શરૂ થઈ રહી છે, જેમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન સેન્ટ્રલ ઝોનનો સામનો ઈસ્ટ ઝોન સામે થશે, જ્યારે ગત વર્ષની રનર્સ-અપ સાઉથ ઝોનની ટીમ નોર્થ ઝોન સામે ટકરાશે.

ઈસ્ટ અને નોર્થ ઝોન ક્વાર્ટર ફાઈનલ જીતીને ઉત્સાહ સાથે આવી રહ્યા છે, જ્યારે સેન્ટ્રલ અને સાઉથ ઝોનને સીધો પ્રવેશ મળ્યો છે.

રજત પાટીદારના નેતૃત્વ હેઠળની સેન્ટ્રલ ઝોન ટીમ પાસે રિંકુ સિંહનો અનુભવ અને સારાંશ જૈન તથા હર્ષ દુબે જેવી મજબૂત સ્પિન જોડીની તાકાત છે. બીજી તરફ, ઈસ્ટ ઝોનમાં સુદીપ ઘરામી, શાહબાઝ અહમદ અને ઈશાન કિશન જેવા ખેલાડીઓ ફોર્મમાં છે. ઈસ્ટ ઝોનમાં યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશી ફરી એકવાર સૌના આકર્ષણનું કેન્દ્ર બનશે. બીજી સેમિફાઈનલમાં તિલક વર્માના નેતૃત્વ હેઠળની સાઉથ ઝોન ટીમમાં કરુણ નાયર, રિકી ભુઈ અને નારાયણ જગદીસન જેવા અનુભવી બેટ્સમેનો છે.

ઈમરાનને ખાનને સતત જેલમાં રખાતા મિયાંદાદ રડી પડ્યા

નવી દિલ્હી, તા. 29 (પીટીઆઈ): પાકિસ્તાનના મહાન બેટ્સમેન જાવેદ મિયાંદાદે પોતાના ભૂતપૂર્વ કેપ્ટન અને દેશના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની જેલમુક્તિ માટે ભાંગી પડેલા અવાજે ભાવુક અપીલ કરી છે. 1992ના વર્લ્ડકપ વિજેતા સાથી ઈમરાન ખાનને પ્રમાણિક ગણાવતા મિયાંદાદે કહ્યું કે, ઈમરાનને 2023થી રાવલપિંડીની અડિયાલા જેલમાં રાખવામાં આવ્યા છે તે સમજવું મુશ્કેલ છે. બીજી તરફ, પૂર્વ વિકેટકીપર મોઈન ખાને પણ જેલમાં ઈમરાન ખાનની કથળતી તંદુરસ્તી અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

એશિયા કપ: આજે ભારતીય મહિલા ટીમની થાઈલેન્ડ સામે પ્રથમ મેચ

દુબઈ, તા. 29 (પીટીઆઈ): હરનપ્રીત કૌરની આગેવાની હેઠળ ભારતીય મહિલા ક્રિકેટ ટીમ રવિવારે વુમન્સ T20 એશિયા કપના ગ્રુપ-Aની પ્રથમ મેચમાં થાઈલેન્ડ સામે મેદાનમાં ઉતરશે. ભારતીય ટીમ પોતાના તાજેતરના સામાન્ય પ્રદર્શનને પાછળ છોડીને સંતોષકારક શરૂઆત કરવાના ઈરાદા સાથે ઉતરશે. છેલ્લા એક દાયકામાં એશિયા કપમાં ભારતનું વર્ચસ્વ રહ્યું છે અને તેણે 2016-17થી રમાયેલી T20 ફોર્મેટની પાંચમાંથી ત્રણ આવૃત્તિઓ જીતી છે. જોકે, ટીમનું હાલનું ફોર્મ ચિંતાનો વિષય છે. ચાલુ વર્ષે ભારતે 16 માંથી 9 T20I મેચો ગુમાવી છે, અને T20 વર્લ્ડકપમાં ઓસ્ટ્રેલિયા સામેની હારને કારણે ટીમ ગ્રુપ સ્ટેજમાંથી જ બહાર થઈ ગઈ હતી.

કેપ્ટન હરનપ્રીત કૌરના પોતાના ફોર્મ અને ભવિષ્ય સામે પણ સવાલો ઉઠી રહ્યા છે. એશિયા કપ બાદ ભારતીય ટીમે જાપાનમાં યોજાનારા એશિયન ગેમ્સમાં પણ ભાગ લેવાનો છે. આ મહત્ત્વપૂર્ણ ટુર્નામેન્ટમાં ઈજાગ્રસ્ત જેમિમાહ રોડ્રિગ્સની ગેરહાજરીમાં પ્રતિકા રાવલનો ટીમમાં સમાવેશ કરાયો છે. ઓપનિંગમાં સ્મૃતિ મંધાના અને શેફાલી વર્માની મજબૂત જોડી પર મોટી જવાબદારી રહેશે.

PARAS

અનુસંધાન ... પાના પહેલાનું

વેનેઝુએલાના 65 અબજ...

અમેરિકા-ઈઝરાયેલના યુદ્ધના કારણે હોર્મુઝના અખાતમાં ક્રૂડનું પરિવહન ખૂબ ધીમું થઈ ગયું છે અને તેથી વિશ્વભરમાં ક્રૂડના ભાવોમાં એક તબક્કે તો ઘણો મોટો ઉછાળો આવ્યો હતો. અત્યારે પણ અમેરિકામાં ગેસોલીન(પેટ્રોલ)નો ભાવ ગેલને ૪ ડોલર કરતા વધારે છે. ઉલ્લેખનીય છે કે વેનેઝુએલા વિશ્વના સૌથી મોટા ક્રૂડના અનામત જથ્થા ધરાવતા દેશોમાંનો એક છે અને તેની પાસે ભૂગર્ભમાં અંદાજે ૩૦૩ અબજ બેરલ ક્રૂડ ઓઈલનો ભંડાર છે.

ખંડેર બનેલી ચેકપોસ્ટ...

પામ્યો હોવાથી, સર્ચ ડોગ સાથેની 21 સભ્યોની ચીની બચાવ ટીમે આ સ્થળે પહોંચવા માટે મુશ્કેલ પ્રવાસ ખેડવો પડ્યો હતો. બચાવકર્મીઓએ જંગલો અને ખીણોમાંથી પસાર થવા માટે દોરડાનો ઉપયોગ કરીને પર્વતો અને ખીણો પાર કર્યા અને અંતે ત્વરિત વિનાશ પામેલા સરહદી સંકુલ સુધી પહોંચ્યા. બચાવકર્મી ઝોઉ મિંગ્કીએ જણાવ્યું, "ત્યાં કોઈ રસ્તો નહોતો. બધે જ જંગલ અને બચેલા ખડકો હતા. તેમણે કહ્યું, સંકુલમાં નજર જાય ત્યાં સુધી ખંડેર સિવાય કશું જ નહોતું.

રસ્તાઓની હાલત પણ અત્યંત ખરાબ છે, જે કાદવથી ખરડાયેલા છે અને ભારે કાટમાળ તથા કાદવના મોટા ઢગલા નીચે દટાયેલા છે. કાટમાળમાંથી ઉખડી ગયેલા વૃક્ષોની જાડી ડાળીઓ બહાર નીકળેલી દેખાય છે. તિબેટ અને નેપાળને જોડતા મુખ્ય રસ્તાને પૂર્વવત કરવા માટે બચાવ કામદારો સમય સાથે રેસ લગાવી રહ્યા છે અને સ્થળ પર જેસીબી મશીનો જેવા યંત્રો દેખાય છે.

એવરેસ્ટ મસાલા અને...

મૂકવામાં આવ્યો છે, જે FSSAI ના કાયદાનું ઉલ્લંઘન કરીને નબળી ગુણવત્તાવાળો અને ભેળસેળયુક્ત હોવાનું જણાયું હતું. તેમાં વધુમાં ઉમેરવામાં આવ્યું હતું કે, "કમ્પાઉન્ડેડ હિંગ / કમ્પાઉન્ડેડ અસાફોટિડા (પાવડર અને ગઠ્ઠા) ના નમૂનાઓ નબળી ગુણવત્તાવાળા અને FSS (ફૂડ પ્રોડક્ટ્સ એન્ડ ફૂડ એડિટિવ્સ) રેગ્યુલેશન્સ, 2011 હેઠળ નિર્ધારિત આવશ્યકતાઓનું પાલન કરતા નથી. કમ્પાઉન્ડેડ હિંગના નમૂનાઓ પણ ખોટી રીતે લેબલ થયેલા અને નબળી ગુણવત્તાવાળા હોવાનું જણાયું હતું."

કમ્પાઉન્ડેડ હિંગના ઉત્પાદનમાં વપરાતી કાચી હિંગની જાતોના નમૂનાઓ વધુ પડતા સ્ટાર્ચની હાજરીને કારણે નબળી ગુણવત્તાવાળા હોવાનું જણાયું હતું.

હિંગમાં સ્ટાર્ચનું પ્રમાણ વજનના 1 ટકાથી વધુ ન હોવું જોઈએ. FSSAI એ લાલજી ગોધૂને ગેરરીતિ સુધારવા માટે એક એક્શન પ્લાન અને FSS એક્ટ અનુસાર માત્ર પ્રમાણિત ઉત્પાદનોનું ઉત્પાદન અને વેચાણ થાય તેની ખાતરી કરવા માટેની તેની યોજનાઓ રજૂ કરવા જણાવાયું છે.

તમારી જાતને...

પરિસરમાં આવેલા ખાણીપીણીના સ્થળોના સંબંધમાં કાયદાનું વિશ્લેષણ કર્યા વિના જ આદેશો પસાર કરવામાં " બિનજરૂરી ઉતાવળ" બતાવવા બદલ હાઈકોર્ટે એફડીએની ઝાટકણી કાઢતાં પૂછ્યું: "શું તમને લાગે છે કે તમે કોઈ ભગવાન છો અને ગમે તે કરી શકો છો?" પ્રથમ મામલામાં, એક્ટિંગ ચીફ જસ્ટિસ રવીન્દ્ર ઘુગે અને જસ્ટિસ ગૌતમ અંખડની બેન્ચે રેગ્યુલેટરને "અતિશય ઉત્સાહ" માં આવી જઈને "દાદાગીરી" ભર્યું વર્તન કરવા બદલ ફટકાર લગાવ્યા બાદ, એફડીએએ તેના બે આદેશો પાછા ખેંચવા પડ્યા હતા.

બેન્ચે એવો પણ સવાલ ઉઠાવ્યો કે એફડીએ શા માટે હંમેશાં "બિનજરૂરી ઉતાવળ" કરે છે અને કાયદાનું વિશ્લેષણ કર્યા વિના જ આદેશો પસાર કરે છે. કોર્ટે પૂછ્યું, અમારે શા માટે વારંવાર કહેવું પડે છે કે મચ્છરને મારવા માટે તલવારનો ઉપયોગ નહીં કરાય? જો કે સ્પષ્ટપણે આમ કહેવા છતાં, એફડીએ અમારા આદેશની અવગણના કરી રહી છે અને વ્યવહારુ દ્રષ્ટિકોણ અપનાવવાને બદલે અત્યંત સંકુચિત દ્રષ્ટિકોણ અપનાવે છે. અમે આ વિભાગ અને અધિકારીઓને દરરોજ ઠપકો આપીને થાકી ગયા છીએ. હવે આકરા આદેશો આપવાનો સમય આવી ગયો છે. અમે સંબંધિત અધિકારીઓ સામે અવમાનના ની કાર્યવાહી શરૂ કરીશું. કાં તો તેઓ અમને સમજાવે અથવા જેલમાં જાય, એમ હાઈકોર્ટે જણાવ્યું હતું.

MCAની કેન્ટિન...

ઇન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા ચલાવવામાં આવી રહી છે તે કારણસર સસ્પેન્શન ચાલુ રાખ્યું હતું. હાઇકોર્ટના આદેશ પછી લાયસન્સ સસ્પેન્ડ કરવાના આદેશ પાછા ખેંચી લીધો હતો. આ જ રીતે સિપ્લા ફાર્મસીના પુણે એકમના લાયસન્સ સસ્પેન્ડ કરવાનો આદેશ પણ પાછો ખેંચી લીધો હતો. સિપ્લાને સાંભળવાની તક આપ્યા વિના જ આ લાયસન્સ રદ કરાયું હોવાની દલીલ હાઇકોર્ટે મંજૂર રાખી હતી.

તિબેટમાં ફસાયેલા...

સહિત યાત્રાળુઓએ ઝાંગમુ સરહદ બિંદુ દ્વારા નેપાળમાં પ્રવેશ કરવાનું શરૂ કર્યું હતું, જે આ વિસ્તારમાં ભૂકંપ અને ભૂસ્ખલનને કારણે અગાઉ બંધ કરવામાં આવ્યું હતું. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (ડીઆરડીઓ)ના ભૂતપૂર્વ ચેરમેન જી સતીશ રેડ્ડીએ ભારતીય યાત્રાળુઓમાં સામેલ હતા જેઓ શનિવારે ઝાંગમુ દ્વારા નેપાળ સરહદે પરત ફર્યા હતા.

ગલવાન હિંસાના...

દિવસ સુધી સામ સામે હતા, ત્યારે ઝાઓ પશ્ચિમ થિયેટર કમાન્ડના વડા હતા. મે ૨૦૨૦માં પૂર્વ લદાખમાં શરૂ થયેલા વિવાદ વખતે પણ તેઓ ચાર્જમાં હતા, જેનો અંતિમ ભાગ તે પછીના મહિને ઘાતક ગલવાન અથડામણમાં પરિણમ્યો હતો.

ભારતની ટનલ-રેસ્ક્યુ...

કારણે તથા પ્રતિકૂળ હવામાનને લીધે બચાવ કાર્યમાં મુશ્કેલીઓ આવી રહી છે. નેપાળ આર્મીના જણાવ્યા અનુસાર, નેપાળી સુરક્ષા દળોએ અત્યાર સુધીમાં વિવિધ હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સની સુરંગોમાંથી 191 કામદારોને સફળતાપૂર્વક ઉગારી લીધા છે. જો કે, મોટી સંખ્યામાં કામદારો હજુ પણ લાપતા છે. નેપાળે ડીએનએ ટેસ્ટિંગ, ફોરેન્સિક કામગીરી અને અન્ય વિશિષ્ટ ક